Extra No. 409

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **SATURDAY, NOVEMBER 15, 2025 / KARTIKA 24, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

// વંચાણે લીધું //

(૧) નોડલ ઓફીસર, ઓર્ગેનાઈઝીંગ તથા કોર્ડીનેશન કમિટી, રાષ્ટ્રીય કક્ષાની સાયક્લીંગ ઈવેન્ટ અને જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, નર્મદાના પત્ર ક્રમાંક: જિ.ર.પ્ર.કે/રાજ/૨૦૨૫/૫૫૧, તા.૧૩/૧૧/૨૦૨૫

(૨) પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, નર્મદાના પત્ર ક્રમાંક: LIB/રૂટ ડાયવર્ઝન/અભિપ્રાય/૩૪૪૫/૨૦૨૫, તા.૧૪/૧૧/૨૦૨૫

(૩) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: પીઓએલ/જાહેરનામું/વશી/૫૩૦-૫૪૯/૨૦૨૦, તા.૨૫/૦૨/૨૦૨૦

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(બી) અન્વયે

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૧૩૮૬૮ થી૧૩૯૦૩/૨૦૨૫.-નોડલ ઓફીસર, ઓર્ગેનાઈઝીંગ તથા કોર્ડીનેશન કમિટી, રાષ્ટ્રીય કક્ષાની સાયક્લીંગ ઈવેન્ટ અને જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, નર્મદા દ્વારા વંચાણ- (૧)ના પત્રથી સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે યોજાનાર સાયક્લોથોન સ્પર્ધા ૨૦૨૫-૨૬ અન્વયે સાયક્લીંગ સ્પર્ધકોને અવરોધ ઉભો ન થાય તે માટે સાયક્લીંગના રૂટ પર જાહેર જનતાની અવરજવર તા.૧૬/૧૧/૨૦૨૫ ના રોજ સાંજના ૦૪:૦૦ કલાકથી ૦૬:૦૦ કલાક સુધી તથા તા.૧૭/૧૧/૨૦૨૫ ના રોજ સવારના ૦૭:૦૦ કલાકથી બપોરના ૧૨:૦૦ કલાક સુધી રોકવા જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે.

પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, નર્મદા દ્વારા વંચાણ-(૨)ના પત્રથી ઉક્ત બાબતે સાયક્લીંગના રૂટ પરના એક તરફના રસ્તા પર વાહનવ્યવહાર બંધ કરી, બીજી તરફના રસ્તાનો વૈકલ્પિક રૂટ તરીકે જાહેર જનતા માટે વન-વે જાહેર કરી સદર રૂટનો ઉપયોગ કરવા જાહેરનામું પાડવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે. જે મુજબ રૂટ ડાયવર્ટ કરવા જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું સી.કે.ઉધાડ(જી.એ.એસ), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(બી) તથા વંચાણ- (૩)થી મળેલ સત્તાની રૂએ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે યોજાનાર સાયકલોથોન સ્પર્ધા ૨૦૨૫-૨૬ અન્વયે સાયકલીંગ સ્પર્ધકોને અવરોધ ઉભો ન થાય તે માટે સાયક્લીંગના રૂટ પર આવતા વાહનવ્યવહારનો રૂટ નીચે મુજબ ડાયવર્ટ કરવા આથી ફરમાવું છે.

તા.૧૬/૧૧/૨૦૨૫ ના રોજ સાંજના ૦૪:૦૦ કલાકથી ૦૫:૦૦ કલાક સુધી રૂટ ડાયવર્ઝનની વિગત :-

- એકતાનગર ખાતે આવેલ બસ-બે પોઈન્ટ SOU થી લીમડી ગામના કટ સુધીના રસ્તાના જમણા ભાગનો રસ્તો વાહનવ્યવહાર માટે બંધ રહેશે. વાહન ચાલકોએ અવરજવર માટે ડાબા ભાગના રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે. જમણા ભાગના રસ્તાનો ઉપયોગ સાયકલીંગ માટે કરવાનો રહેશે.

તા.૧૬/૧૧/૨૦૨૫ ના રોજ સાંજના ૦૫:૦૦ કલાકથી ૦૬:૦૦ કલાક સુધી રૂટ ડાયવર્ઝનની વિગત :-

- એકતાનગર ખાતે આવેલ બસ-બે પોઈન્ટ SOU થી લીમડી ગામના કટ સુધીના રસ્તાના ડાબા ભાગનો રસ્તો વાહનવ્યવહાર માટે બંધ રહેશે. વાહન ચાલકોએ અવરજવર માટે જમણા ભાગના રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે. ડાબા ભાગના રસ્તાનો ઉપયોગ સાયકલીંગ માટે કરવાનો રહેશે.

તા.૧૭/૧૧/૨૦૨૫ ના રોજ સવારના ૦૭:૦૦ કલાકથી બપોરના ૧૨:૦૦ કલાક સુધી રૂટ ડાયવર્ઝનની વિગત :-

- એકતાનગર ખાતે આવેલ બસ-બે પોઈન્ટ SOU થી નર્મદા માતાજીના સર્કલ - SRP ગૃપ ગેટ - ભુમલીયા - નર્મદા મેઈન કેનાલ - ટેન્ટ સીટી-૧ - ટેન્ટ સીટી-૨ - ટર્મીનલ થઈ બસ-બે પોઈન્ટ સુધીનો જમણા ભાગના રસ્તો વાહનવ્યવહાર માટે બંધ રહેશે. વાહન ચાલકોએ અવરજવર માટે ડાબા ભાગના રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે. જમણા ભાગના રસ્તાનો ઉપયોગ સાયક્લીંગ માટે કરવાનો રહેશે.

// **શિક્ષા** //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા તા.૧૫/૧૧/૨૦૨૫

સી. કે. ઉધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.11.27 18:40:50 IST